## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

*શાળાની દિવાલો ખોતરી ખાય છે ‘ઉંદરો’*
*શાળાનું શુદ્ધ પાણી યે પી જાય છે ‘ઉંદરો’*
*વગર ભણાવે ફી ફોલી ખાય છે ‘ઉંદરો’*
*ને બાળ-ગણપતિના લાડુ પણ ખાય છે ‘ઉંદરો’*
*(શાળામાં ‘ઉંદરો’નો વિકાસ)*

હાઈકુ

*ચાલે છે બધું*
*શિક્ષણનું મિશન*
*કમીશનથી*

*મળે છે અહીં*
*ખાયકીનું શિક્ષણ*
*શાળામાંથી જ*

### ચિંતન

*ન કશ્ચિજ્જાયતે જીવઃ સંભવોऽસ્ય ન વિદ્યતે ।*
*એતત્તદુત્તમં સત્યં યત્ર કિંચિન્ન જાયતે ॥*

ઉપરોક્ત શ્લોક માંડૂક્યોપનિષદમાંથી લેવામાં આવેલ છે.

કોઈ પણ જીવ ઉત્પન્ન નથી થતો, એનો સંભવ જ નથી. એ અજન્મા બ્રહ્મમાં કાંઈ પણ ઉત્પન્ન થતું નથી એ બ્રહ્મ જ ઉત્તમ સત્ય છે.

શંકરાચાર્ય ‘સંભવ’ નો અર્થ ‘કારણ’ કરે છે જયારે અન્ય વિદ્વાનો એને ‘સંભાવના’ ના અર્થમાં છટાવે છે. તો અન્ય વિચારકોના મતે એનો અર્થ ‘ઉત્પત્તિ’ છે. ગમે તે અર્થ લઈએ, તો પણ આત્માના અજન્મા હોવાનું તાત્પર્ય એનું એ જ રહે છે. આત્માની બાબતમાં કાર્ય કારણ ભાવ લાગુ પડતો નથી. અદ્વય અને અજન્મા આત્મામાં કોઈ પણ પ્રકારે દ્વૈતની સંભાવના નથી. પ્રતીત થતાં જગતને ‘વ્યવહારિક સત્તા’ બક્ષી છે. સ્વપ્ન સૃષ્ટિને ‘પ્રાતિભાસિક’ ગણાવી છે. તેમજ ‘પરમાર્થ’ તો કેવળ બ્રહ્મ (આત્મ તત્વ)ની જ ‘સત્તા’ પ્રતિપાદિત કરી છે.

### સુવિચાર

- માના કી વક્ત સતા રહા હૈ... પર કૈસે જીના હૈ વો ભી તો બતા રહા હૈ - **પથિક ચતુર્વેદી**
- જીવનનો અર્થ જીવન ‘જીવીને’ અને
  સંબંધનો અર્થ સંબંધ ‘નિભાવી’ને જ મળે છે - **ડો. વિજળીવાળા**
- હસવાવાળા લખપતિ દુર્લભ હોય છે - **ડેલ કાર્નેગી**
- ધર્મ કરીને પણ પવિત્ર મનોવૃત્તિ જાળવવાની છે.
  પવિત્ર મનોવૃત્તિ એ સાધ્ય છે. ધર્મપ્રવૃત્તિ એ સાધન છે - **ધર્મલોક**
- જીવન માટે ઝેર તો અખતરો નહિ એક ધર્મ માટે પાપક્રિયાને અખતરો જ કરાય - **એસ. ભટ્ટાચાર્ય**
- ભાગ્ય બહારની આશાથી દોડવા જાય એને અશુભ ભાગ્ય દંડી નાખે છે - **રાજહંસ મુનિશ્રી**
- આજનું ઔષધ : બે પાકા કેળાને બાઉલમાં છુંદી તેમાં એક ચમચી ઓલિવ ઓઈલ અને બે લીંબુનો રસ બરાબર મિક્સ કરી તે પેસ્ટ વાળના મૂળમાં માલિશ કરવાથી વાળની તંદુરસ્તી વળે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણની વિશાળ સેનામાં એક વીર યોદ્ધા હતો. તે વીરનું નામ હતું સંયમ રાય. એની સ્વામિભક્તિની વાતો આજે પણ ચર્ચા છે. એક ભિષણ યુદ્ધમાં પૃથ્વીરાજ ખુદ ઘવાઈને જમીન પર બેભાન થઈ પડી ગયા હતા. બીજા ઘણા સૈનિકો, સેનાપતિઓ ખપી ચૂક્યા હતા. પૃથ્વીરાજ ચૌહાણના દેહને ફોલી ખાવા એક ગીધ આકાશમાંથી ઊતરી રહેલું સંયમરાયે જોયું. સંયમ રાયે પોતે પણ ઘાયલ હતા પણ થોડા ભાનમાં હતા. મોત સામે ઝઝૂમવાની સંયમ રાયની અદ્ભૂત હિંમત વધી. ગીધને સમ્રાટ પર આક્રમણ કરતું જોઈ તેમણે પોતાના પગની પિંડીમાંથી તલવારના એક ઝાટકે માંસનો લોચો કાપીને એ ગીધ તરફ ફેંક્યો. ગીધ એ ખાવામાં તલ્લીન બની ગયો. પરિણામે થોડા સમય માટે સમ્રાટનો દેહ ચૂંથાતા બચી ગયો. થોડીવારમાં તો અન્ય સૈનિકો શોધખોળ કરતાં આવી ગયા. અને સમ્રાટ પૃથ્વીરાજને લઈને સારવાર કરાવા છાવણીમાં પહોંચ્યા. સંયમરામને પણ યોગ્ય સારવાર આપવામાં આવી. પણ એમનાં શરીરમાંથી ઘણું લોહી વહી જવાને કારણે તેઓ બચી શક્યા નહીં. અણમોલ સ્વામિભક્તિનો ઈતિહાસ રચી તેમણે અંતિમ શ્વાસ લીધા.

# દક્ષિણમાં ભગવો ફરકાવનાર મહારથીની વિદાય

તંત્રીસ્થાનેથી...

એચ.ડી. દેવગૌડા અને રામકૃષ્ણ હેગડે કે એસ.એમ. કૃષ્ણા પછી કર્ણાટકના સૌથી શક્તિશાળી નેતા તરીકે શરૂ થી જ કોંગ્રેસી વિધારધારાથી વિરુદ્ધ રહેલા બી.એસ. યેદિયુરપ્પા ઊપસી આવ્યા હતા. અલબત્ત એમની સ્લેટ ચોખ્ખી નહોતી, ભ્રષ્ટાચારના અનેક આક્ષેપોથી ખરડાયેલા આ સંઘની વિચારધારાને વરેલા લિંગાયત સમુદાયના પ્રતિનિધિએ ધાર્મિક અગ્રણીઓ અને હિંદુત્વની વિચારસરણી ધરાવતા પ્રબુદ્ધજનોનો વિશ્વાસ સંપાદન કરી દક્ષિણ ભારતમાં ભારતીય જનતા પાર્ટીને પ્રવેશ અપાવ્યો હતો. પરંતુ ચાર-ચાર વાર મુખ્યમંત્રી પદના શપથ લેનાર આ ધુરંધર રાજનેતા માટે દરેક સમય અગ્નિપરીક્ષા જેવો રહ્યો હતો. એક તબક્કે તો એમને પાર્ટી છોડી દઈને સ્થાનિક કર્ણાટક જનતા પાર્ટી જેવો પ્રાદેશિક પક્ષ પણ બનાવવો પડ્યો હતો. પરંતુ અદાલતમાં સંગીન પુરાવાઓના અભાવે કલીન ચીટ મેળવીને તેઓ ફરી પાછા માતૃસંસ્થામાં સામેલ થઈ ગયા. ભાજપ પાસે યેદિયુરપ્પાનો કોઈ વિકલ્પ જ નહોતો એટલે એમના જ નેતૃત્વમાં કર્ણાટક વિધાનસભાની ચૂંટણી લડવી પડીહતી. કુનેહ અને જ્ઞાતિ સમીકરણો ઉપરાંત નાણાંનો જાદુ વેરીને તેઓએ છેલ્લે બે વર્ષ પૂર્વે કુમારસ્વામીની સરકારને ઉથલાવી હતી. એ જ કુમારસ્વામીને અગાઉ ભાજપે સમર્થન આપીને મુખ્યમંત્રી પણ બનોલા. વચ્ચે વળી કોંગ્રેસ સાથે જનતા દળ (એસ)નું ગઠબંધન રચાયું અને કુમારસ્વામી ફરી એકવાર મુખ્યમંત્રી પદ સુધી પહોંચી શક્યા હતા. રાજકારણમાં મુખ્યમંત્રીની ખુરશી માણી ચૂકેલા પિતાઓ પોતાની નિવૃત્તિ પછી પોતાના જ વારસદારને એ ખુરશી પણ જોવા માગતા હોય છે. ભારતીય રાજકારણમાં નહેરુવંશથી લઈ પ્રાદેશિક પક્ષોના નેતાઓ કરુણાનિધિ, દેવગૌડા અને મુલાયમસિંહ કે લાલુ યાદવ સુધીનાં આવાં ઘણાં ઉદાહરણ જોવા મળશે. કેટલાક વારસદાર લાયક પણ નીવડે છે દા.ત. ઓડિશાના નવીન પટનાયક. ભારતીય જનતા પાર્ટીએ સંઘના આદેશથી ૭૫ વર્ષ વટાવી ચૂકેલા નેતાઓને નિવૃત્ત કરી દેવાનો શિરસ્તો અપનાવેલો છે. એ નિયમ વાજપેયી જેવા સમર્થ નેતને પણ નડ્યો હોય, અડવાણી અને મુરલી મનોહર જોષી કે કલરાજ મિશ્રને પણ સક્રિય રાજકારણમાંથી નિવૃત્ત કરી દઈ ‘માર્ગદર્શક મંડળ’ની વખારે ધકેલી દેવાયા હોય તો બિચારા યેદિયુરપ્પાની શી હેસિયત ? એમને ૭૮ વર્ષ થઈ ગયાં છે. તોડફોડ કરીને કર્ણાટકમાં કેસરિયા સરકાર લાવવાના ઈનામ તરીકે એમને બે વર્ષ પૂરતા મુખ્યમંત્રી બનાવવામાં આવેલા. સંઘના લાડકા નેતા સંતોષ કેન્દ્ર સરકાર પર ઘણી વગ ધરાવે છે અને તે યેદિયુરપ્પાના ભ્રષ્ટાચારી ચહેરા ઉપરાંત એમના પુત્રપ્રેમથી નારાજ રહ્યા કરતા હતા. ધારાસભ્યો પણ બલકે મંત્રીમંડળના કેટલાક સાથીઓ સુધ્ધાં યેદિયુરપ્પાના વર્તનથી નારાજ હતા. આ બધાનો સરવાળો, ગુણાકાર થતા રહ્યા અને આખરે કર્ણાટકમાં યેદિયુરપ્પાની સરકારનાં બે વર્ષની ઊજવણી વખતે જ એમને પદ છોડવાની ફરજ પાડવમાં આવી છે. પરંતુ યેદિયુરપ્પા સરકાર ટકે એ માટે કુમારસ્વામી ઉપરાંત કોંગ્રેસના એક સાંસદ સુધ્ધાં એમના સમર્થનમાં બહાર આવ્યા હતા. આ છે યેદિયુરપ્પાનો કરિશ્મા. કોંગ્રેસ પાસે દલિત નેતા સિદ્ધરમૈયા સિવાય કોઈ સમર્થ નેતા નથી. ભાજપને સત્તા સુધી પહોંચાડવામાં ૧૭ ટકા વસતિ ધરાવતા લિંગાયતોનો સૌથી મોટો ફાળો છે. કેન્દ્ર સરકાર અને પાર્ટી માટે આ એક આકરો નિર્ણય હતો કારણ કે યેદિયુરપ્પાના લિંગાયત મઠાધિપતિઓ એકી અવાજે એમનું સમર્થન કરતા હતા અને યેદિને ગાદી છોડવાનો સ્પષ્ટ સંદેશ મળી ગયા પછી પણ સતત ઉગ્ર નિવેદનો કરી ભારતીય જનતા પાર્ટીને આ નિર્ણય મોંઘો પડી જશે એવી ધમકી આપતા રહ્યા હતા. પરંતુ મોદી આવી ધમકીઓને વશ થનારા નેતા નથી. એમને સંઘના યેદિયુરપ્પા વિશેના અણગમાને ધ્યાનમાં લઈ એમને રુખસદ આપી જ દીધી છે. યેદિયુરપ્પાને એમના અનુગામીનું નામ સૂચવવાનું જરૂર કહ્યું છે અને લિંગાયત સમુદાયની નારાજગી ન વહોરવી પડે તે માટે કદાચ એમને અનુગામી પણ લિંગાયત જ હોય તો નવાઈ નહીં. જો કે કર્ણાટકમાં લિંગાયતોની સ્પર્ધા કરી શકે એવો વોક્કાલિગા જ્ઞાતિસમુદાય પણ છે. ત્યાં બ્રાહ્મણોનું પણ વર્ચસ્વ રહ્યું છે. કેન્દ્ર અને સંઘ કદાચ આ બે મુખ્ય જ્ઞાતિ સમુદાયો કરતાં બ્રાહ્મણ નેતાને સર્વસંમત નેતા તરીકે પ્રસ્તુત કરે એમ પણ બને. એટલું ચોક્કસ કે કર્ણાટકમાં ભાજપ પ્રવેશના અગ્રદૂત તરીકે પાર્ટી કે સંઘ યેદિયુરપ્પાને સાવ જ અવગણી શકશે નહીં. તેઓ આગામી ચૂંટણીઓ દરમિયાન સક્રિય રહે તે માટે એમના દીકરાને કયાંક ગોઠવી દઈ કેન્દ્ર અને શાસક પાર્ટી વચગાળાનું સમાધાન શોધવા પ્રયાસ કરશે.

# મનોરંજનનાં વરવાં પરિણામોની દુનિયા...

મન-રંજન
દ્વનિલ પારેખ

જાણીતા દિગ્દર્શક મહેશ ભટ્ટ જયારે સક્રિય હતા ત્યારે એમના વિશેષ ફિલ્મ્સના બેનર હેઠળ એક ફિલ્મ આપી હતી ‘કલયુગ’. મોહિત સૂરી દિગ્દર્શિત આ ફિલ્મમાં મુખ્ય અભિનેતા તરીકે કુનાલ ખેમુએ ભૂમિકા ભજવી હતી અને આશુતોષ રાણા ખલનાયકની ભૂમિકામાં હતા. આ ફિલ્મનું એક ગીત ‘જુદા હોં કે ભી તું, મુજ મેં કહી બાકી હૈ’ - અત્યંત લોકપ્રિય થયું હતું. આ ફિલ્મની કથા કંઈક આવી હતી. નવદંપત્તિ હનીમૂન માયે ગયા છે અને હોટેલમાં એમની અંતરંગ ક્ષણો ગુપ્ત કેમેરામાં કેદ થઈ જાય છે. એટલું જ નહીં એ પોર્નસાઈટ પર પણ ઉપલબ્ધ થઈ જાય છે નાયિકાને આનો આઘાત લાગે છે અને એ આત્મહત્યા કરે છે. નાયકનો સંઘર્ષ હવે શરુ થાય છે અને આજે કંઈ પણ ષડયંત્ર રચાયું એનો પર્દાફાશ કરવા અને પોતે અને પોતાની પત્ની આ સંદર્ભે નિર્દોશ છે, એ સાબિત કરવા ઝઝૂમે છે. પોર્નની દુનિયાની ખતરનાક વિગતો એની સામે આવતી જાય છે, ફિલ્મનું શિર્ષક શા માટે ‘કલયુગ’ છે એ ધીમે ધીમે સમજાતું જાય છે.



‘કલયુગ’માં કામદેવનો પ્રભાવ વધશે અને એ ધીમે ધીમે ‘પોર્નયુગ’ માં ફેરવાશે એવું હવે સમજાઈ રહ્યું છે. આ ચર્ચા આજે એટલા માટે કે જાણીતા ઉદ્યોગપતિ અને ફિલ્મ અભિનેત્રી શિલ્પા શેટ્ટીના પતિ રાજકુન્દ્રા અત્યારે આ સંદર્ભે જેલમાં રિમાન્ડ પર છે. રાજ કુન્દ્રા સામે પોર્ન બનાવવા માટે ઘણી બધી અભિનેત્રીઓએ પુરાવા સહિત ફરિયાદ નોંધાવી છે અને એ ફરિયાદના આધારે રાજ કુન્દ્રાની ધરપકડ કરવામાં આવી. પોર્નની દુનિયા સાથે આ સિવાય પણ ઘણી જાણીતી - અજાણી વ્યક્તિઓ સંકળાયેલી હશે પણ આ આ તો ‘છીંડે ચડે તે ચોર!’ રાજ કુન્દ્રાના કિસ્સામાં શું પરિણામ આવશે એ ખબર નથી પણ પોર્નની દુનિયામાં ખળભળાટ થયો છે થયો છે અને ફરી એ ચર્ચાનો વિષય બન્યો છે. જેમના નામ સામે નથી આવ્યાં એમને ફફડાટ છે કે કયાંક આપણે પણ ખુલ્લાં નહીં પડી જઈએ ને!

‘પોર્ન કલ્ચર’ નહીં પણ વિશ્વભરમાં ‘પોર્ન ઈન્ડસ્ટ્રી’ છે એ હકીકત છે. આ ગુપ્ત રીતે થતો એવો વ્યવસાય છે, કે જયાં માત્ર હાથમાં જ કાળાં થાય એમ નથી પણ સમગ્ર ચારિત્ર્ય કાળું થાય એમ છે. પોર્ન સાથે સંકળાયેલ લોકોની પોતાની કોઈ લાચારી હશે પણ અને એનો વ્યવસાયિક લાભ લેનારાઓની આવી જમાત છે. રાજક કુંદ્રા અત્યારે તો એ જમાતના પ્રતિનિધિ તરીકે દેખાય છે. પોર્ન સંદર્ભે જે કંઈ પણ વિગતો બહાર આવે છે એ તો હિમશીલાની ટોચ સમાન છે. બાકી આ ઈન્ડસ્ટ્રી દિવસે દિવસે ફૂલીફાલી રહી છે.

પોર્ન ઈન્ડસ્ટ્રીઝને મનોરંજનની દુનિયા તરીકે પણ ઓળખવામાં આવે છે. માણસના મનોરંજન મેળવવા માટેના જે ઉધાા છે. એમાં આ સૌથી નિમ્ન સ્તર છે ખરેખર એ મનોરંજનની દુનિયા છે કે માણસની અંદર પડેલી વિકૃતના ન સહન કરી શકાય કે ન સમજી શકાય એવાં પરિણામ છે. પણ કલયુગનું આ અત્યંત વરવું રુપ છે એ તો સ્વીકારાવું રહ્યું.

# આપણા સ્નેહીજન માટે આપણે કેટલા ભરોસાપાત્ર?

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

આપણને સહુને અનુભવ છે અને આપણે સૌ જાણીએ સારી રીતે જાણીએ છીએ કે કોઈપણ પ્રકારના માનવીય સંબંધોનો પાયો એકબીજા ઉપરનો વિશ્વાસ છે, એકબીજા ઉપરનો ભરોસો છે. કોઈપણ નવા સંબંધોની શરૂઆત ત્યાં જ થઈ શકે છે જ્યાં એકબીજા ઉપર ભરોસો હોય છે. નવા બંધાયેલા સંબંધો તો જ આગળ વધી શકે છે જો એ સંબંધોમાં ભરોસો બેસી ગયો હોય. એ સંબંધો લાંબો સમય તો જ ટકી શકે છે જો એ સંબંધોમાં ભરોસો સાબિત થયો હોય. ભરોસો એ કોઈપણ સંબંધોનું મૂળ છે. એ મૂળ જેટલા ઊંડા અને મજબૂત, સંબંધો એટલા જ ટકાઉ. નવા સંબંધોના દ્વાર ખોલવાની ચાવી એટલે ભરોસો, જુના સંબંધોને વિકસાવવા અને ટકાવવાની ચાવી એટલે ભરોસો. ભરોસા વિનાના કોઈપણ પ્રકારના સાચા સંબંધોની કલ્પના કરવી જ અશક્ય છે.

મારા લેખોનાં કેટલાક ભાવકો ઘણીવાર મને એવા પ્રશ્નો પૂછતા હોય છે કે બેમાંથી વધારે મહત્વ શું, સંબંધો કે ભરોસો? આમ જોઈએ તો આ પ્રશ્ન જ અસ્થાને છે કારણ કે ભરોસો અને સંબંધને જુદા પાડી શકાતા નથી. એવું બને કે કોઈપણ બે વ્યક્તિને એકબીજા ઉપર ભરોસો કે વિશ્વાસ હોય પણ જરૂરી નથી કે એ બે વ્યક્તિ વચ્ચે કોઈપણ પ્રકારના સંબંધો હોય જ. આપણે બસ કે ટ્રેનની મુસાફરી દરમ્યાન ઘણીવાર અનુભવ્યું છે કે કોઈ સહયાત્રીના ભરોસે આપણે આપણો સામાન કે નાના બાળકોને મૂકીને બે-પાંચ મિનિટ કોઈ જરૂરી કામ અર્થે તેનાથી થોડા દૂર જતાં હોઈએ છીએ. ત્યાં સહયાત્રી ઉપર આપણો ભરોસો હોય છે પણ એ સહયાત્રી સાથે કદાચ કોઈ જ પ્રકારના સંબંધો નથી હોતા. તેનાથી વિરુદ્ધ, કોઈપણ બે વ્યક્તિ વચ્ચે સંબંધો હોય તો ત્યાં એકબીજા ઉપર ભરોસો હોવાનો જ. ભરોસા વિના કોઈપણ પ્રકારના સંબંધો શક્ય નથી. ભરોસા વિનાના કોઈપણ સંબંધો માત્ર એક નિરર્થક ઔપચારિકતા બનીને જ રહી જતા હોય છે.

ભરોસાપાત્ર સંબંધો આગળ વધી શકતા હોય છે અને ટકી શકતા હોય છે કારણ કે જે સંબંધોમાં પૂર્ણ ભરોસો હોય એ સંબંધોમાં એકબીજા પ્રત્યેની ત્યાગભાવના હોય છે. એ સંબંધોમાં સ્નેહીજન માટે વ્યક્તિ બધું જ ન્યોછાવર કરવા માટે તૈયાર થઈ જતી હોય છે. ભરોસો હોય એ સંબંધોમાં સ્નેહીનો એકબીજાને સમર્પિત પણ થઈ જતા હોય છે. આમ, સમર્પણ અને ત્યાગ ભાવના એ સંબંધોને ટકાવી શકતા હોય છે.

કેટલાક સંબંધોમાં ઘણીવાર અર્થ વગરની દલીલબાજી, આક્ષેપબાજી કે બિન-જરૂરી ઝઘડાઓ થતા રહેતા હોય છે તેનું કારણ એ હોય છે કે એ સંબંધોમાં ભરોસાનો અભાવહોય છે. જે સંબંધોમાં ભરોસો હોય છે ત્યાં ખોટી દલીલોને અવકાશ રહેતો નથી. હા, એ સંબંધોમાં પણ ક્યારેક ક્યારેક મતભેદો તો થતા જ રહેતા હોય છે અને એવા મતભેદો સ્વસ્થ સંબંધો માટે જરૂરી પણ હોય છે, આમ છતાં એ મતભેદો ક્યારેય ઝઘડાઓ કે મનભેદમાં નથી પરિણમતા કારણકે ત્યાં એક બીજા ઉપર ઠોસ ભરોસો હોય છે. જે સ્નેહીજન પ્રત્યે વ્યક્તિને ભરોસો હોય ત્યાં વ્યક્તિ એ સંબંધમાં જરૂરી હોય એટલી પોતાના જીવનની કિતાબ ખુલ્લી કરી દેતી હોય છે. એ સંબંધોમાં છુપાવવા જેવું કશું હોતું જ નથી, આમ, બંને સ્નેહીજન એકબીજા પ્રત્યેના ભરોસા થકી નિખાલસ થઈને સંબંધો માણતા રહેતા હોય છે.

જ્યાં ઠોસ ભરોસો હોય ત્યાં સંબંધો પણ એકદમ બિન્ધાસ્ત બની જતા હોય છે. પેલી કહેવત છે ને કે યુદ્ધ અને પ્રેમમાં બધું જ યોગ્ય છે એવી જ રીતે ભરોસાપાત્ર સંબંધોને માણવા માટે બધુ જ યોગ્ય હોય છે. ભરોસો હોય એ સંબંધોમાં સ્નેહીજન એકબીજા પ્રત્યે મજાક-મશ્કરી કે મીઠા ઝઘડા કરી લેતા હોય છે. એ સંબંધોમાં સ્નેહીજન કોઈપણ પ્રકારનું વર્તન કરે તો પણ એકબીજાને તેનો અણગમો કે નારાજગી નથી થતી. આમ થવાનું કારણ એ હોય છે કે બંને સ્નેહીજનને ગળા સુધી ખાતરી હોય છે કે સ્નેહીજનના વર્તન પાછળ કોઈ સ્વાર્થ, કોઈ જ બદઈરાદો કે કોઈપણ પ્રકારની રાજરમત નહિ હોય. આ પ્રકારનું વર્તન ભલે ક્યારેક બંનેના હિતમાં ન હોય પણ બેમાંથી કોઈનું અહિત કરનારૂ તો નહીં જ હોય એવો બંનેને સંપૂર્ણ વિશ્વાસ હોય છે.

માનવીય સંબંધોમાં આપણે ઘણીવાર ઘણાં સ્નેહીજન ઉપર વાર ભરોસો મૂકતા હોઈએ છીએ. તેમાંયે કેટલાક સ્નેહીજનો ઉપર આપણે આંખો મીંચીને, કશું જ વિચાર્યા વિના, કોઈપણ પ્રકારની પૂર્વ ચકાસણી કર્યા વિના, કહો કે આંધળો વિશ્વાસ મુકતા હોઈએ છીએ. આવું આપણે કરતા હોઈએ છીએ કારણ કે કોઈપણ વ્યક્તિ ઉપર આપણો ભરોસો મૂકવો સહેલો છે, સરળ છે. ભરોસો મૂક્યા પછી એ સ્નેહીજન ભરોસાની કસોટીની એરણ ઉપર ચડતા હોય છે. એ કસોટીની એરણ ઉપર જો સ્નેહીજન ખરા ઉતર્યા તો ભયોભયો, અને ખરા ન ઉતર્યા તો તેમની સાથેના સંબંધો ખતરામાં આવી જતા હોય છે. સ્નેહીજા ઉપર આપણે મુકેલો ભરોસો એક વાર ખોટો સાબિત થાય પછી બીજીવાર ભરોસો મૂકતા પહેલા આપણે સાત વાર વિચારતા હોઈએ છીએ.

આવું જ આપણા સ્નેહીજન સાથે પણ આપણી સાથેના સંબંધોમાં બનતું હોય છે. આપણાં સ્નેહીજનો પણ ઘણીવાર આપણાં ઉપર આંધળો ભરોસો મૂકતાં હોય છે. આપણાં સ્નેહીજઓએ મૂકેલો આપણાં ઉપરનો ભરોસો પણ કસોટીનાં એરણ ઉપર છડતો હોય છે. સ્નેહીજને આપણાં ઉપર મૂકેલા એ ભરોસાની કસોટીમાં જો આપણે ખરા ઉતાર્યા તો આપણો અને સ્નેહીજન, બંનેનો બેડોપાર. આપણે જો એ કસોટીમાંથી પાર ન ઉયતરી શક્યા તો આપણાં અને સ્નેહીજનના સંબંધો ખતરામાં આવી જતાં હોય છે. તેથી જ, આપણાં સ્નેહીજને મૂકેલા ભરોસાને આપણે કોઈપણ ભોગે સાચો ઠેરવવો પડતો હોય છે.

(ક્રમશઃ)

# સમગ્રલક્ષી દૃષ્ટિકોણ જ સારું પરિણામ આપે છે

નવાં કલેવર
નટવર હેડાઉ

કૌશલ ભણવામાં ખુબ હોંશિયાર હતો. શહેરની ખુબ જાણીતી શાળામાં ભણતો હતો. તેના પિતા ખેડૂત હતા. તે ગામડે રહેતા હતા.

શહેરમાં હોસ્ટેલમાં રહેતા કૌશલને અચાનક જ ગામડે જવાનું થયું કારણ કે શહેરમાં કોરોના વાયરસના કેસો વધી જતા શાળાઓ અને હોસ્ટેલ બંધ થઈ ગઈ હતી.

કૌશલને ગામડાંનું વાતાવરણ ગમ્યું. પંખીઓના કલવરથી થતી સવાર અને આંગણામાં મંદમંદ પવનની લહેરખીથી તે ખુશ થઈ ગયો. તેની મમ્મીએ કહ્યું, ‘બેટા, તું કયરેય આપણી વાડીએ ગયો નથી. આજ જઈ આવ.’

‘કેમ ? ત્યાં શું છે?’

‘ભાઈ, વાડીમાં જામફળ, સીતાફળ, ચીકુ અને આમળાંના બહુ બધાં ઝાડ છે.’ તેની મોટી બહેને કહ્યું.

‘મારે તો જોવા જવું છે, પણ કંઈ રીતે જઉં ?’

‘હમણાં, માળી કાકા આવશે તેમની સાથે જજે’ તેની મમ્મી એ કહ્યું.

‘ભલે, તો હું જવા તૈયાર થઈ જાઉં છું.’ કૌશલ બાથરૂમમાં ગયો તે બહાર નીકળ્યો ત્યારે માળી કાકા આવી ગયા હતા. તેમજ સાથે વાડીએ જવા એ નીકળી પડ્યો.

વાડીમાં જુદા જુદા વૃક્ષો પર લચી પડતાં ફલો જોઈ તે રાજી રાજી થઈ ગયો. પણ... તેને કાંટાની વાડ બિલકુલ ન ગમી. તેણે કહ્યું, ‘માળી કાકા, આ શું? આટલાં સરસ મીઠાં, મધુર અને સુગંધીત ફળોના બગીચાની વાડ બિલકુલ સારી લાગતી નથી. તમે કાંટાની આ વાડ કાઢી નાંખો.’

માળીએ કહ્યું, ‘કૌશલભાઈ તમે હજુ નાના છો. તમને અનુભવ નથી. આ કાંટા નહીં હોય તો વાડીમાં એક પણ ફળ રહેશે નહીં.’

કૌશલે કહ્યું, ‘આ ફળફળાદીની આજુબાજુ કાંટાની વાડ બિલકુલ ખરાબ લાગે છે. તેનાથી વાડીની રમણીયતા નષ્ટ થઈ રહી છે. તેને તાત્કાલિક હટાવો.’

માળી કાળા બિચારા શું કરે. ખેતર માલિકનો દીકરો જે કહે તેમ તેને તો કરવું જ પડે. તેણે વાડ કાઢી નાંખી. વાડ નીકળી ગઈ તે સાંજે બે-ત્રણ દિવસમાં ઝાડ ઉપરનાં ફળો પણ દેખાતાં બંધ થઈ ગયાં. જે વટેમાર્ગુ નીકળે તે ફળો તોડતો જાય. ખવાય તેટલાં ખાય બીજં તોડીને ઘેર લઈ જાય. આમ વાડી ઉજ્જડ થઈ ગઈ.

કૌશલની મુર્ખામીથી સબક લઈ તેના પાડોશીએ નક્કી કર્યું કે મારે વાડી બનાવવી છે પણ હું તેના રક્ષણ માટે ખાસ ધ્યાન આપીશ. તેણે ખુબ વિચારીને દિવાલ બનાવવાનું નક્કી કર્યું. તેણે દિવાલ એટલી મજબુત બનાવી કે કોઈ તેમાં પ્રવેશ કરી શકે નહીં.

તેણે ઊંચી અને સુદૃઢ દિવાલ તો બનાવી લીધી પણ વાડીમાં જે છોડ વાવ્યા હતા તેના તરફ બિલકુલ ધ્યાન ન આપ્યું. વાડીની દિવાલ એટલી સુરક્ષિત હતી કે તેમાં કોઈ માણસને પશુ પ્રવશી ન શકે. પણ ફળફળાદીના છોડવાઓ ને જરૂરી ખાતર, પાણી ને અભાવે છોડવાઓ પર ફળ લાગ્યા જ નહીં.

આ બે ઘટનાઓ તમારી સામે છે. તેનો નિષ્કર્ષ એ છે કે મૂળ પર ધ્યાન આપવું કે માત્ર વાડ પર ધ્યાન આપવું તે એકાંગી દૃષ્ટિકોણ છે. ફક્ત ખાતર, પાણીથી ઉછેર કરવાનો દૃષ્ટિકોણ અધુરો છે. તો માત્ર રક્ષણ અને માવજત સથે સંરક્ષણની બાબતે પણ પૂરું ધ્યાન અપાય ત્યારે જ તેનું સારું પરિણામ પ્રાપ્ત થઈ શકે છે.

સમગ્રલક્ષી દૃષ્ટિકોણ જ સારું પરિણામ આપે છે.

# બેન્કીંગ ક્ષેત્ર ધીમે ધીમે આર્થિક મોરચે ડૂબી રહ્યું છે

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

જયારે આપણા વિકાસ અને પ્રગતિ વિશે વાતો થાય છે ત્યારે બેન્કોને બાજુમાં રાખીને કોઈ વાત થઈ શકતી નથી. આપણા દેશમાં બેંકોનું રાષ્ટ્રીયકરણ ૧૯૬૯માં જે તે વખતની સરકારે કર્યું ત્યારે મુખ્ય હેતુ જ એ હતો કે બેન્કીંગ માત્ર મોટા બેન્કો ના માટે જ નહીં બલ્કે આમ નાગરિક અને છેવાડાના તમામ લોકો માટે કાર્યરત્ત બને ઉપરાંત એવા કદમ ઉઠાવવામાં આવ્યા હતા કે જેથી ગ્રામ્ય ભારતના કૃષિ, વેપાર, ઉદ્યોગ વ્યવસાયના બધા લોકોને સહજ તથા સરળ રીતે ઋણ પ્રાપ્ત થાય તથા દૂર દૂરના નાના લોકોની બચતોને પણ બેંકો સુધી લાવી શકાય. સંકલિત ગ્રામ વિકાસ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો તથા અન્ય ઘણી સ્પોન્સર કર્તા કચેરીઓને બેન્કીંગ સાથે સંલગ્ન કરવામાં આવી અને આ બધાની હકારાત્મક અસર પણ જોવા મળી કેમ કે એ સમયે વહીવટમાં સ્વચ્છતા પ્રણામમાં સારી રહી પરંતુ કાળક્રમે બધામાં માનવીય દૂષણ સ્વાર્થ, દગો વગેરે દાખલ થઈ ગયું અને લોનનું વસૂલ થવાનું પ્રમાણ વિકૃત થવા લાગ્યું ! ૧૯૯૧ બાદ ઉદારીકરણ અને વૈશ્વિકીકરણ સ્વીકૃત કરવામાં આવ્યું ઉપરાંત કોમ્પ્યુટર્સ આવ્યા એટલે બેન્કીંગ ક્ષેત્રમાં મુશ્કેલીઓ શરૂ થઈ અને તેમાં આઈ.આર.એ.સી. નોર્મ્સ આવ્યા,એન.પી.એ. ધિરાણો પર જોગવાઈઓ કરવાનો અમલ શરૂ થયો અને એક સમયે ગામડે ગામડે શાખાઓ ખોલવાનો જે દૌર હતો એ થંભી ગયો !! સમય જતા જનધન યોજના અને નવા ખાતાઓ ખોલવાની ઝૂંબેશ ચાલી જેનો રેકોર્ડ નોંધાયો પરંતુ। અંગે સમય જતા બેન્કો એ ઘણા મોટા પ્રમાણમાં આવા ખાતાઓ બંધ કર્યા કેમ કે મેઈન્ટેનન્સ પરવડતું ના હતું. આધુનિક યુગના બેન્કીંગમાં ક્રેડીટ ડેબીટ કાર્ડ, એટીએમ અને ઈન્ટરનેટ બેન્કીંગ પણ ઉમેરાયું છતાં બેન્કો આર્થિક રીતે નબળી પડી એન.પી.એ. વધતું જ ગયું બહુ મોટા ધિરાણોની નબળી ગુણવત્તાના લીધે નફાકારકતા તળિયે ગઈ. સરકારનું વલણ બદલાયું અને ૨૦૦૭-૦૮ બાદ બેન્કોના મર્જરને અમલી બનાવવાનું શરૂ કરવામાં આવ્યું. બેન્કો દેશની બેકલોન હોય છે જે ક્રેડીટ વિસ્તરણ કરે છે. બચતોનો સંગ્રહ કરે છે અને મધ્યસ્થ બેંકની સૂચના મુજબ કાર્ય કરે છે ત્યાં નાણાં પ્રજાનાં જે હોય તેનો સુઝબુઝથી ગણતરી પૂર્વક યોગ્ય હેતુ માટે ધિરાણો કરવામાં આવે જેથી પ્રજાને બચતો ઉપર સારું વ્યાજ મળે છે છતાં ખર્ચાઓ કાઢતા બેંકો પાસે નફો વધે - આ પ્રક્રિયા તૂટી ગઈ છે!!

હવે ભારતીય બેન્કો પાસે અસંખ્ય સમસ્યાઓ ઊભી થઈ ચૂકી છે. એક બાજુ મર્જરનું કામ ચાલુ છે તો બીજી તરફ લોન વસુલાતના કામમાં પુષ્કળ વિઘ્નો પ્રતિદિન ઉમેરાતા જાય છે અને ત્રીજી તરફ લોકો ગ્રાહક સેવાની કોઈ અપેક્ષા રાખે એ વાતમાં દમ નથી અર્થાત્ ગ્રાહક સેવા લગભગ શૂન્ય થઈ ચૂકી છે. નવી ભરતીઓ ઝડપથી થતી નથી અને સ્ટાફ સ્વૈ. નિ. સ્કીમ હેઠળ પણ ઘટતો જાય છે, બેન્કોની શાખાઓને પારસ્પરિક મર્જરન દ્વારા ઘટાડાઈ રહી છે. એ.ટી.એમ. ઉપરના કેશ વ્યવહારોની સીમાથી વધુ ઉપયોગ ઉપર ચાર્જ પણ વસુલવામાં આવે છે નવા ડેબીટ/ક્રેડીટ કાર્ડની ફી લેવામાં આવે છે, લોકર ભાડા ઊંચા થઈ ગયા છે તો પાસબુક પ્રિન્સ કરવાનાં મશિન્સની કાળજી લેવામાં જાણે કે કોઈને રસ જ નથી હવે કોઈ જ સેવા નિઃશુલ્ક રહી નથી. છતાં બેન્કો બિમાર દર્દીની જેમ કામ કરી રહીછે. બેન્કોની કોઈપણ શાખામાં મુલાકાત લેવામાં આવે તો જરૂર એ જોવા મળશે કે કોઈના ચહેરા ઉપર રોનક નથી કે નથી જોબ માટેનો ઉત્સાહ - ગ્રાહક જતો રહે તો સારું એવા જ ખ્યાલમાં દિવસ પૂરો કરનાર કર્મચારીગણોથી શાખાઓ કામ કરે છે એ નગ્ન સત્ય છે. શા માટે આવું થઈ ગયું છે ? જે કર્મ અને ભગવાનમાં શ્રદ્ધા ધરાવે છે તેવા લોકો કાઉન્ટર ઉપર પોતાનું કામ વિવેકથી સરસ રીતે કરે છે કેમ કે ઉત્સાહ વધે તેવા નિયમો - નીતિ ગાયબ છે બધુ મશીનની જેમ ચાલે છે. હ્યુમન એપ્રોચ હવે ભૂતકાળ થઈ ગયો છે.બેન્કો પાસે ઉપરથી જે સૂચનાઓ મળે એ મુજબ કામ કરવા સિવાય સ્વયંનો કોઈ રોલ રહ્યો નથી જેમ કે કોરોના અથવા વાવાઝોડું કે માવઠું વગેરેના લીધે રિકવરીઝ થવી જોઈએ તે લંબાતા નાણા ફરતા રહેવાના નિયમનો ધક્કો લાગે જ છે તો બીજી તરફ લોકોની આવકો ઘટી, જોબ ગુમાવ્યા છે એટલે હપ્તા ફરી શકતા નથી. પરિણામે એન.પી.એ. ઉપર જોગવાઈ કરતા જ રહેવાનું નથી. તેથી નફાકારતતા તૂટી ગઈ છે! એસેટ - લાયેબિલીટી પ્રબંધન પ્રતિનિધિ ખોરવાઈ રહ્યું છે અને બચત ઉપરના વ્યાજદર ઘટતા જ જાય છે. નિવૃત્ત પરિવા જે વ્યાજ ઉપર ઘર ચલાવી રહ્યા છે તે લોકો પણ પરેશાન છે. બીજી તરફ સાઈબ્રર ફ્રોડ ખુબ વધી ગયા છે. અંદાજે ૧૨૦ કરોડની રકમ લોકો એ આમા ગુમાવ છે.છતાં આ અંગે કોઈ નક્કર પ્રબંધન લાવી શકાયું નથી. અલબત્ત જાગૃતિ માટે ઘણું બધું જાહેર કરવામાં આવે છે. ભારતીયો બેન્કોની આટલી નબળી હાલત ભૂતકાળમાં કદી જોઈ નથી. જેમ જેમ આધુનિક ઉપકરણો વધ્યા તેમ તેમ બેન્કો પ્રજાથી દૂર થતી ગઈ છે. આ મારી બેન્ક છે તેવો અહેસાસ લોકોમાંથી પણ ખોવાયો છે.

**શેર આસ્વાદ :**

**ઝાકળ ને પણ પ્રાણ હોય છે**
**પરંતુ તડકાને ક્યાં તેની જાણ હોય છે!**